# Saibo Re Lyrics | Kirtidan Gadhvi, Priya Saraiya | Tips Gujarati

રાત અંધારી કાળી કાળી ઘેરાયા રે વાદળો
હો... કાજલ વહેતા ધીમા ધીમા જાય રે
ક્યાં રે આવે સાઇબો
હો... ક્યાં રે આવે સાઇબો એ કોઈ તો બતાવજો
ક્યાં રે આવે સાઇબો એ કોઈ તો બતાવજો

સાઇબો રે ગોવાળિયો રે મારો સાઇબો રે ગોવાળિયો
હે... સાઇબો રે ગોવાળિયો રે મારો સાઇબો રે ગોવાળિયો
હું ગોવાલણ ગીરની રે મારી શ્યામ રાધાની જોડલી

હે... સાઇબો રે ગોવાળિયો રે મારો વાલીડો રે ગોવાળિયો
હે... સાઇબો રે ગોવાળિયો રે મારો વાલીડો રે ગોવાળિયો
હું રે ગોવાલણ નેહડાની મારી શ્યામ રાધાની જોડલી

વાત અધૂરી તારી મારી પુરી ક્યારે કરશો
હમમમ ...
રાહ જોઈ બેઠી આંખલડી રે ક્યાં રહી ગયો રે સાઇબો
ક્યાં રે આવે સાઇબો એ કોઈ તો બતાવજો
ક્યાં રે આવે સાઇબો એ કોઈ તો બતાવજો

સાઇબો ડુંગરગીરનો રે મારો સાઇબો ડુંગર ગીરનો
હે... સાઇબો ડુંગરગીરનો રે મારો વાલીડો ડુંગર ગીરનો
હું રે ડુંગરડાની રીછડી મારા સાયબા ભેળી રમતી
હે... હું રે ગોવાલણ નેહડાની શ્યામ રાધાની જોડલી હા..

હે... સાઇબો મીઠો મેહુલો રે મારો ચારણ મીઠો મેહુલો
હા.. સાઇબો મીઠો મેહુલો રે મારો ચારણ મીઠો મેહુલો
હું રે અષાઢી વીજળી મારા વાલીડા ભેળી રમતી
હે હું રે ગોવાલણ નેહડાની શ્યામ રાધાની જોડલી

સાઇબો ... સાઇબો ...
સાઇબો મારો...
હા મારો...
હે મારો સાઇબો
હે સાઇબો.